જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી, અમદાવાદ શહેર
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦, ૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦

તા.૨૭/૦૮/૨૦૧૭ રવિવાર

**અમદાવાદ શહેર પોલીસ સમાચાર**

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૧૭૨૪/૧૭**

**રીક્ષા ચોરી કરનાર બે રીઢા ચોરને ચોરીની પાંચ રીક્ષા સાથે પકડી પાડતી અમદાવાદ શહેર ક્રાઇમબ્રાન્ચ.**

**રીક્ષા ચોરીના પાંચ ગુનાઓનો ભેદ ઉકેલાયો.**

સંયુક્ત પોલીસ કમિશ્નરશ્રી ક્રાઇમબ્રાન્ચ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ, અમદાવાદ શહેરનાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં બનતા વાહનચોરીના ગુનાઓ અટકાવવા તેમજ આ ગુનાઓના ભેદ ઉકેલવા સારૂં સુચના આપેલ હોય જે સુચના આધારે મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી, ક્રાઇમબ્રાન્ચ નાઓના માર્ગદર્શન હેઠળ પો.ઈન્સ.શ્રી આર.એસ.સુવેરા તથા પો.સ.ઇ.શ્રી ડી.બી.વાળા નાઓ પોતાની ટીમના માણસો સાથે અમદાવાદ શહેર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન સ્ટાફના પો.કો.કૌશીકભાઇ ગોવિંદભાઇ તથા પો.કો. મોહનભાઇ લીલાભાઇ નાઓને મળેલ ચોક્કસ બાતમી હકીકત આધારે બે રીઢા રીક્ષા ચોર (૧) મોહમંદસાદાબ S/O રજ્જબઅલી જાહીદઅલી અંસારી ઉ.વ.૨૪ (રહે.સરતાજનગર ત્રીજી ગલીમાં ૫ માં મકાનમાં કોઠાના ઝાડની પાછળ સદાની ધાબી કેનાલ રોડ વટવા અમદાવાદ (૨)મુઝમ્મીલ S/O મુકીમભાઇ હારૂનરશીદ વડગામા (ધાંચી) ઉવ.૨૪રહે. ઇકરા ડુપ્લેક્ષ મકાન નં.૫ બાગે તાજ કબ્રસ્તાન ની બાજુમા સદાની ધાબી કેનાલ પાસે વટવા અમદાવાદ શહેર નાઓને નારોલ સર્કલ નવા બનતા બ્રીજ નીચેથી પકડી પાડેલ છે. અને તેમની પાસેથી ચોરી કરેલ (૧)CNG ઓટો રીક્ષા નંબરGJ.27.V.4903 કિં.રૂ.૮૦,૦૦૦/-(૨) CNG ઓટો રીક્ષા નંબરGJ.27.W.1998કિં.રૂ.૮૦,૦૦૦/-(3) CNG ઓટો રીક્ષા નંબરGJ.27.W.1439કિં.રૂ.૮૦,૦૦૦/-(૪) CNG ઓટો રીક્ષા નંબરGJ.27.U.3531 કિં.રૂ.૭૦,૦૦૦/-(૫) CNG ઓટો રીક્ષા નંબરGJ.01.TB.0351કિં.રૂ.૧,૦૦,૦૦૦/- મળી કુલ્લે કિરૂ.૪,૧૦,૦૦૦/-ની મતાનીકુલ-૫CNGઓટો રીક્ષારિકવરકરવામાંઆવેલછે.

પકડાયેલ આરોપીઓને આ ચોરી કરેલ રીક્ષાઓ બાબતે પુછપરછ કરતાં તેમણે રખીયાલ, મણીનગર, ગોમતીપુર અને શહેરકોટડા ખાતે અલગ અલગ જગ્યાઓથી ડુપ્લીકેટ ચાવીથી લોક ખોલી ચોરી કરેલાની કબુલાત કરેલ છે. જે બાબતે તપાસ કરતાં..................

(૧) મણીનગર પો.સ્ટે ફ.ગુ.ર.ન.૯૨/૧૭ ઇપીકો કલમ ૩૭૯

**(૨)** મણીનગર પો.સ્ટે. ફ. ફ.ગુ.ર.ન.૧૦૬/૧૭ ઇપીકો કલમ ૩૭૯

(૩) રખીયાલ પો.સ્ટે. ફ. ફ.ગુ.ર.ન.૬૦/૧૭ ઇપીકો કલમ ૩૭૯

(૪) ગોમતીપુર પોસ્ટે ફ. ફ.ગુ.ર.ન.૯૯/૧૭ ઇપીકો કલમ ૩૭૯

(૫) શહેરકોટડાપો.સ્ટે ફ. ફ.ગુ.ર.ન.૧૬૩/૧૭ ઇપીકો કલમ ૩૭૯મુજબનાગુનાઓનો ભેદઉકેલાયેલ છે.

## <u>આરોપીઓની ગુનો કરવાની પધ્ધતિ</u>

આ આરોપીઓની સઘન પુછપરછ કરતા તેઓએ ઓટૉરીક્ષાઓની ચોરી કરી ચોરી કરેલ ઓટૉરીક્ષાઓ ભાડે આપી પૈસા કમાવવાના ઇરાદે શહેર વિસ્તારમાં ફરતા અને મોકો જોઇ ડુપ્લીકેટ ચાવી વડે રીક્ષાના લોક ખોલી આ રીક્ષાઓની ચોરીઓ કરેલ હોવાની કબુલાત કરેલ છે અને રીક્ષા ચોરી કર્યા બાદ પકડાય નહીં તે માટે રીક્ષાઓની નંબર પ્લેટ કાઢી નાખતા હતાતેમજ આ ચોરી કરેલ રીક્ષાઓ ભાડે લેનાર કોઇ વ્યકતીઓ નહી મળતા નારોલ બોમ્બે હોટલની સામે આવેલ બી.આર.ટી.એસ વર્કશોપની પાછળ આવેલ ખુલ્લા મેદાનમાં આ રીક્ષાઓ મુકી દીધેલ હોવાનુ જણાવેલ છે.

આ આરોપીઓએ આ સિવાય બીજા ગુનાઓ કરેલ છે કે કેમ ? તેમજ તેઓની સાથે બીજા અન્ય આરોપીઓ સંડોવાયેલ છે કે કેમ ? તે બાબતે સઘન પુછપરછ તપાસ ચાલુ હોય બીજા પણ આવા પ્રકારના ગુનાઓનો ભેદ ઉકેલાય તેવી સંભાવના છે

## <u>અમદાવાદ શહેર ના જુદાજુદા વિસ્તારો માંથી અસંખ્ય બાઇકો અને એકટીવા ની ચોરીઓ કરતા બે ઇસમો ને ૨૬ જેટલા બાઇકો અને એકટીવા તથા વાહનોના ભંગાર સાથે **ઝડપી પાડતી** ક્રાઇમ બ્રાન્ચ</u>

અમદાવાદ શહેર ક્રાઇમ બ્રાન્ચનાં સંયુકત પોલીસ કમિશ્નરશ્રીજે.કે.ભટ્ટ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી દીપન ભદ્રન તથા મદદનીશ પોલીસ કમિશ્નર શ્રી ડો. રાજદિપસિંહ ઝાલા નાઓએ અમદાવાદ શહેર વિસ્તારમાં મિલ્કત સબંધી ઘાડ લુટના અનડીટેક ગુન્હાઓમા સંડોવાયેલ આરોપીઓને શોધી કાઢવા સારુ ક્રાઇમ બ્રાંચના અધિકારીઓને સુચના આપેલ જે અનુસધાને ક્રાઇમ બ્રાન્ચના પોલીસ ઇન્સ્પેકટર શ્રી કે.જી.ચૌધરી, તથા પોલીસ સબ ઇન્સ્પેકટરશ્રી એન.આર.મકવાણા તથા પોલીસ સબ ઇન્સ્પેકટર શ્રી એસ.જે.જાડેજા તથા સ્ટાફ્નાં માણસોને મળેલ બાતમી હકિકત આધારે આરોપીઓ **(૧) મનિષ ઉર્ફે આદી S/O બાબુભાઇ રામજીભાઇ જાતે કથિરીયા (પટેલ) ઉવ.૩૪** રહે. મ.નં. ઇ/૩, સ્વામિનારાયણ ફ્લેટ, ડો.કનુભાઇના દવાખાના સામે, બાપા સિતારામ ચોક, નવાનરોડા, અમદાવાદ મુળગામ- નેસડી, જી.અમરેલી **(૨) અંકિત ઉર્ફે આકાશ S/O બાબુભાઇ બેચરભાઇ જાતે પટેલ (બોરડ) ઉવ.૩૨** રહે. મ.નં. ૭૮૨/૫૬૧૮, ગુજરાત હાઉસીંગ બોર્ડ, સંસ્કાર આઇસ્ક્રીમ પાસે, બાપુનગર ચાર રસ્તા, અમદાવાદ શહેર મુળગામ- લુંણીધાર તાજી. અમરેલી નાઓને તા.૨૫/૦૮/૨૦૧૭ ના રોજ વિરાટનગર કેનાલ પાસેથી ઝડપી પાડેલ છે.

ઉપરોકત ઇસમોની પુછપરછ કરતાં આરોપી નં.(૧) અંકિત ઉર્ફે આકાશ પટેલ નાનો અગાઉ વાડજ તથા શહેરકોટડા પોલીસ સ્ટેશનો મા વાહનચોરીના ગુન્હાઓમા પકડાયેલ છે. તથા આરોપી નં.(૨) મનિષ પટેલ નાનો વાડજ પોલીસ સ્ટેશન માં વાહન ચોરીના ગુન્હા મા પકડાયેલ છે. સદરી બંન્ને આરોપીઓ સાથે હીરાઘસવાનુ કામ કરતા હોય તેઓને પૈસાની જરૂર પડતા એકટીવાની ચોરી કરેલ ત્યાર બાદ અવારનવાર એકટીવા અને બાઇકોની ચોરી કરવા લાગેલ અને એક વર્ષ મા <u>ત્રીસેક જેટલી</u> બાઇકો અને એકટીવા ની ચોરીઓ કરેલ અને ચોરી કરેલ બાઇકો અને એકટીવાની નંબર પ્લેટો બદલી નાખી તથા કાઢી નાખી ઓઢવ સોનીની ચાલી ખાતે એકટીવ નામથી ગેરેજ ધરાવતા રાજેશ ઉર્ફે રાજુ ગોંડલીયા નાને વેચવા માટે આપતા અને તેઓએ પોલીસ સ્ટેશન માંથી હરાજી કરેલ બાઇકો ખરીદેલ છે જે ઓછા પૈસે વેચવાની છે તેમ કહી ગેરેજ વાળો ઇસમ રાજેશ ઉર્ફે રાજુ ગોંડલીયા

નાનો આ ઉપરોકત આરોપીઓએ ચોરી કરેલ બાઇકો તથા એકટીવા તેના ઓળખીતા ગ્રાહકોને વેચાણ કરી આપતો હતો તેમજ કેટલીક બાઇકો તથા એકટીવા આરોપીઓએ પોતે વેચી દીધેલ અને નહી વેચાયેલ ગાડીઓ રાજેશ ઉર્ફે રાજુ ગોંડલીયા ના ગેરેજ ઉપર રાખી મુક્તા હતા અને આ ચોરીની બાઇકો તથા એકટીવા વેચીને મળેલ પૈસા સરખે ભાગે વેચી દેતા હોવાની કબુલાત કરેલ હોય જે બાબતે નીચે મુજબના ગુન્હાઓછે.

**<u>દાખલ થયેલ ગુન્હાઓ</u>**

(૧) નિકોલ I ગુ.ર.નં. - ૧૦૨/૨૦૧૬ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૨) કુષ્ણનગર - I ગુ.ર.નં. ૭૫/૨૦૧૫ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૩) રામોલ I - ગુ.ર.નં. ૧૧૨/૨૦૧૬ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૪) શાહિબાગ **I -** ગુ.ર.નં. ૧૭૨/૧૫ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૫) શહેરકોટડા I - ગુ.ર.નં. ૯૫/૨૦૧૬ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૬) મણિનગર I – ગુ.ર.નં. ૯૯/૧૬ ઇપીકો કલમ ૩૭૯ મુજબ

(૭) ઓઢવ પો.સ્ટે I - ગુ.ર.નં. ૧૫/૧૬ ઇપીકો ૩૭૯ મુજબ

(૮) કૃષ્ણનગર પો.સ્ટે I – ગુ.ર.નં. ૧૩૨/૧૫ ઇપીકો ૩૭૯ મુજબ

(૯) કાળા કલરની હોન્ડા એકટીવા જેની આગળ પાછળ R.T.O. નં. GJ-01-DE-7793 લખેલ છે. જેનો એ.નં. 0232031 લખેલ છે.

(૧૦) ગ્રે કલરની હોન્ડા એકટીવા R.T.O. નં. GJ-01-DK-1073 જેનો એ.નં. JF50ET-1739171 તથા ચેચીસ નં. ME4F50AFT739356

(૧૧) સફેદ કલરની હોન્ડા એકટીવા જેનો આરટીઓ નંબર કે એન્જીન ચેચીસ નંબર લખેલ નથી તે

(૧૨) એક કાળા સિલ્વર પટ્ટાવાલુ હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મોસા. R.T.O. નં. GJ-01-MM-3985 જેનો એ.નં. HA10EAGHM-73234 તથા ચેચીસ નં. MBLHA10EJGHM-18547

(૧૩) એક કાળા કલરની સિલ્વર પટ્ટાવાળુ સ્પ્લેન્ડર પ્લસ મો.સા. R.T.O. નં. GJ-1-MN-7861 જેનો એ.નં. HA10ENIHLA0662 તથા ચેચીસ નં. MBLHA10E39HL46992

(૧૪) કાળા લાલ પટ્ટા વાળુ હીરો હોન્ડા સીડી ડીલક્ષ મો.સા. R.T.O. નં. GJ-07-MB-3840 જેનો એ.નં. HA11ECC9H26059 તથા ચેચીસ નં. MBLHA11ENC9H 16158

(૧૫) લાલ સિલ્વર પટ્ટા વાળુ હીરો હોન્ડા સ્પ્લેન્ડર પ્લસ મો.સા R.T.O. નં. GJ-01-SF-9631 જેનો એ.નં. HA10EE99K00132 તથા ચેચીસ નંબર ઘસી કાઢેલ છે

(૧૬) ગ્રે કલરની એકટીવા R.T.O. નં. GJ-27-P-1204 જેનો એ.નં. JF50ET0198966 તથા ચેચીસ નંબર ME4JF50IMDT198700

(૧૭) બજાજ ડીસ્કવર R.T.O. નં. GJ-1-MD-683 જેનો એ.નં. JBUBUD91505 તથા ચેચીસ નંબર MD2DSPA22UPD11919

(૧૮) લાલ કલરનું હીરોહોન્ડા સ્પ્લેન્ડર પ્લસ નંબર પ્લેટ નથી જેનો એનં. HA10EFAHK96808 તથા ચેચીસ નં. MBLHA10EYAHK34635

(૧૯) બ્લ્યુ પિન્ક પટ્ટાવાળુ સ્પ્લેન્ડર R.T.O. નં. GJ-5-AS-3281 જેનો એ.નં. 05L15M18147 તથા ચેચીસ નંબર K20C04141

(૨૦) કાળા કલરનું સિલ્વર પટ્ટવાળુ સ્પ્લેન્ડર પ્લક્ષ નંબર પ્લેટ નથી જેનો એનં. E-HA10EJDHH34780 તથા ચેચીસ નં. HA10EJDHH14467

(૨૧) બ્લેક કલરનું બ્લ્યુ પટ્ટાવાળુ સ્પ્લેન્ડર નંબર પ્લેટ નથી જેનો એનં. E- 99K17E13458 તથા ચેચીસ નં. 99K19F13127

(૨૨) બ્લેક કલરનું સિલ્વર પટ્ટા વાળુ સ્પ્લેન્ડર પ્રો R.T.O. નં. GJ-1-JQ-4028 જેનો એ.નં. HA10EHB9M01581 તથા ચેચીસ નં. MBLHA10ADB9M01581

(૨૩)બ્લેક કલર બ્લ્યુ પટ્ટો સ્પ્લેન્ડર પ્લસ R.T.O. નં નથી જેનો એનં. HA10EA9HA03985 લખેલ છે. જેનો ચેચીસ નં. MBLJA10AMDHJ75495

(૨૩) કાળા કલરની હોન્ડા એકટીવા R.T.O. નં. GJ-1-DK-1073 જેનો એ.નં. JC44E5161053 તથા ચેચીસ નં. ME4JC445H98227333

(૨૪) કાળા કલરની હોન્ડા એકટીવા R.T.O. નં. GJ-5-MA-6942 જેનો એ.નં. JC44E5161053 તથા ચેચીસ નં. ME4JC445H98227333

(૨૫) સફેદ કલરની હોન્ડા એકટીવા R.T.O. નં. GJ-27-AK-7935 જેનો એ.નં. નથી તથા ચેચીસ નં. ME4JF502LETS77269

(૨૬) સફેદ કલરની હોન્ડા એકટીવા નંબર લખેલ નથી જેનો એ.નં. JF50ET2202446 તથા ચેચીસ નં. ME4JC504CFT201438

(૨૭) એક પલ્સર મો.સા નું એન્જીન તથા બે એકટીવાના એન્જીન તથા એક પલ્સર ની ચેચીસ અને એક કાળા કલરના એકટીવાની બોડી.

ઉપરોકત આરોપીઓની મોડસ ઓપરેન્ડી એવી છે કે બંન્ને એક બાઇક ઉપર સાથે જતા હતા અને અંકિત ઉર્ફે આકાશ નાનો પોતાની પાસેની ડુપ્લીકેટ ચાવી થી રોડ ઉપર પાર્ક કરેલ બાઇક તથા એકટીવા ચોરી લેતો હતો અને બંન્ને પરત આવી ચોરી કરેલ બાઇક ની નંબર પ્લેટો કાઢી નાખતા અને કેટલીક બાઇકોના ચેચીસ નંબરો અને એન્જીન નંબરો ઘસી નાખતા હતા અને રાજેશ ઉર્ફે રાજુ ગોંડલીયા ના ઓઢવ સોનીની ચાલી ખાતે ના ઓટોગેરેજ ઉપર આપી ત્રણેય ઇસમો પોતે પોલીસ મિત્ર હોય બિનવારસી બાઇકો લે-વેચ કરીએ છીએ તેમ કહી ઓછા પૈસે બાઇકો વેચી દેતા હતા અને નહી વેચાયેલ બાઇકો અને એકટીવા ગેરેજ મા મુકી રાખતા હતા .આમ સદર ગુન્હામા સંડોવાયેલ આરોપીઓને ઉપરોકત પોલીસ સ્ટેશના ગુન્હાઓમા સોપવા તજવીજ કરવામા આવેલ છે.

## **ચોરીના વણશોધાયેલ ૧૫ ગુનાઓનો ભેદ ઉકેલી ત્રણ બાઇક તથા ૧૨ બાઇકના એન્જીન તથા ૦૯ બાઇકના ચેસીસ કિ.રૂ.૧,૪૯,૦૦૦/- ના મુદ્દામાલ સાથે ત્રણ ઇસમોની ધરપકડ કરતી અમદાવાદ શહેર એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ**

**સંયુક્ત પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ તથા નાયબ પોલીસ કમિશનર શ્રી ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર તથા મદદનીશ પોલીસ કમીશનર શ્રી એસ.ઓ.જી. ક્રાઇમ બ્રાન્ચ અમદાવાદ શહેર નાઓની સુચના મુજબએસ.ઓ.જી. ક્રાઇમ ને લગતા હેડની કામગીરી કરવા તથા છેલ્લા ઘણા દિવસોથી બાઇક ચોરીના બનાવો વધતા જતા ગુનાઓ શોધી કાઢવા તથા બનતા ગુનાઅટકાવવા સારૂં અમદાવાદ શહેર વિસ્તારમાં એસ.ઓ.જી.ના પો.સ.ઇ. શ્રી જે.કે.રાઠોડ તથા પોસઇ શ્રી એન.એન.રબારી નાઓ ટીમના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા. દરમ્યાન સાથેના હે.કો. રાજેન્દ્રકુમાર હીરાલાલ તથા પો.કો.ચેતનકુમાર રામુભાઇ નાઓએ આપેલ બાતમી હકીકત આધારે તપાસ કરતાં**

શાહપુર બીસ્મીલ્લાં મસ્જીદની બાજુમાં શેરુભાઇની દુકાન આગળથી (૧) સહેજાદખાન મુનીરખાન પઠાણ ઉવ.૨૨ ધંધો: રીક્ષા ડ્રાઇવીંગ રહે, ગ્રાઉન્ડ ફ્લોર, પરવેઝ ફ્લેટ, શાહપુર અખાડા, શાહપુર, અમદાવાદ શહેર (૨) સાજીદ શબ્બીરભાઇ ખત્રી ઉવ.૧૯ ધંધો: નોકરી રહે, નાગોરી વાડ ટેકરા ઉપર, શાહપુર, અમદાવાદ શહેર નાઓને એક એવીએટર તથા એક સ્પ્લેન્ડર બાઇક સાથે પકડી પુછપરછ કરતાં જણાવેલ કે, આ બંન્ને વાહન તેઓએ ચોરી કરી મેળવેલ છે અને આ બંન્ને વાહનો બાજુમાં આવેલ શેરુભાઇની ભંગારની દુકાનમાં આપવાના છે અને આ અગાઉ તેઓએ અમદાવાદ શહેરના અલગ અલગ વિસ્તારમાંથી ૧૩ વાહનો ચોરી કરી આ મોહમદરમજાન ઉર્ફે શેરુને વેચાતા આપેલ છે તેવું જણાવતાં આ બંન્ને ઇસમોને સાથે રાખી મોહમદરમજાન ઉર્ફે શેરુની ભંગારની દુકાનમાં જઇ તપાસ કરતાં મોહમદરમજાન ઉર્ફે શેરુ s/o ઐયુબભાઇ નાગોરી ઉવ૩૧ ધંધો:ભંગારનો રહે, મ.નં.૧૪૯૪, દયાલ બીલ્ડીંગના ખાંચામાં, નાગોરીવાડ, શાહપુર, અમદાવાદ શહેરનો મળી આવેલ અને તેઓની ભંગારની દુકાનમાં તપાસ કરતાં એક એક્ટીવા જેનો આર.ટી.ઓ. નંબર જી.જે.૦૧.એન.એસ.૭૦૦૫ તેમજ અલગ અલગ ૧૨ મો.સા. ના એન્જીન તેમજ ૦૯ મો.સા. ના ચેસીસ મળી આવેલ જે બાબતે આ મોહમદરમજાન ઉર્ફે શેરુને પુછપરછ કરતાં જણાવેલ કે છેલ્લા એકાદ મહીનામાં આ બંન્ને ઇસમોએ અમોને આ તમામ ૧૩ મો.સા. ચોરી કરી વેચાતા આપેલ હતા અને જેમાંના ૧૨ મો.સા. અમોએ સ્ક્રેપ કરી તેમના એન્જીન તથા ચેસીસ સિવાયનો મુદ્દામાલ વેંચી મારેલ અને આ એન્જીન તથા ચેસીસ હાલમાં મારી પડેલ છે. જે આધારે ચોરીના ત્રણ બાઇક તથા ૧૨ એન્જીન તથા ૯ ચેચીસ કિ.રૂ.૧,૪૯,૦૦૦/- નો મુદ્દામાલ કબ્જે કરવામાં આવેલ છે

જેથી આરોપી સહેજાદખાન તથા સાજીદની પુછપરછ કરતાં જણાવેલ કે આ બંન્ને ઇસમો એકબીજાને છેલ્લા એકાદ વર્ષથી ઓળખે છે અને છેલ્લા એકાદ માસથી બંન્ને બેરોજગાર હોય અને આર્થિક સંકળામણના કારણે બાઇકો ચોરી કરવાનું શરૂ કરેલ આ બંન્ને ઇસમોએ આંબાવાડી માણેકબાગ તથા વસ્ત્રાપુર આલ્ફામોલ તથા કાલુપુર રેલ્વે સ્ટેશન પ્લેટફોર્મ નં.૨ તથા રૂપમ સિનેમા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ તથા પંચવટી છડાવટ પોલીસ ચોકી એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડ પાસેથી તથા ઉસ્માનપુરા દરગાહની પાછળના ભાગેથી તથા સોલા બ્રીજ નીચેથી તથા મીઠાખળી અંડરબ્રીજ પાસેથી તથા ઇસનપુર બ્રીજની નીચેથી તથા સાણંદ પોલીસ ચોકીથી થોડા દુર રોડ ઉપરથી તથા ઉસ્માનપુરા દરગાહ પાસેથી તથા પરીમલ ગાર્ડન કે.એફ.સી. રેસ્ટોરેન્ટ પાસેથી તથા આંબાવાડી પાંજરાપોળ ચાર રસ્તા પાસેથી તથા લોગાર્ડન પોલીસ ચોકી પાસેથી તથા જુહાપુરા સમીરખાન બંગલાની આગળથી આ તમામ વાહનોની ચોરીઓ કરેલાની હકીકત જણાવેલ અને આ ચોરી કરેલ તમામ બાઇકો આરોપી મોહમદરમજાન ઉર્ફે શેરુ s/o ઐયુબભાઇ નાગોરીનો એક બાઇકના રૂ.૩૫૦૦/- લેખે વેચાણ લેતો હતો અને આ મોહમદરમજાને અમોને આશરે ૧૫ થી ૨૦ હજાર રૂપિયા આપેલ છે રૂપિયા અમો બંન્નેએ મોજશોખમાં વાપરી નાંખેલ છે.

બાદ મોહમદરમજાન ઉર્ફે શેરુ s/o ઐયુબભાઇ નાગોરીની પુછપરછ કરતાં જણાવેલ કે આ સહેજાદ તથા સાજીદ નાઓ તેમના મહોલ્લામાં જ રહેતા હોય તેઓને ઓળખે છે અને છેલ્લા દોઢેક માસથી આ બંન્ને ઇસમો બાઇકો ચોરી કરીને લાવતા હતા અને મને આપતા હતા જેના બદલામાં હું તેમને એક બાઇકના રૂ.૩૫૦૦/- આપતો હતો. આ બંન્ને ઇસમોને આજદીન સુધી મેં આશરે ૧૫ થી ૨૦ હજાર રૂપિયા આપેલ છે અને બાકીના રૂપિયા આપવાના બાકી છે. આ બંન્ને ઇસમોએ મને આજદીન સુધી ૧૨ બાઇકો આપેલ હતા જે બાઇકો મેં તોડી નાંખેલ છે.

ઉપરોકત જગ્યાઓએ કરેલ ચોરીઓ બાબતે તપાસ કરતાં નીચે મુજબના ગુનાઓ નોંધાયેલ છે.

1. સાણંદ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૮૧/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
2. એલીસબ્રીજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૫/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
3. એલીસબ્રીજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૬/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
4. એલીસબ્રીજ પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૯૭/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
5. ઇસનપુર પોસ્ટે.ફ.ગુ.ર.નં.૧૮૪/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
6. સોલા પો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૫૨/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
7. નવરંગપુરા પોસ્ટે.ફ.ગુ.ર.નં.૧૨૦/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
8. વસ્ત્રાપુર પોસ્ટે.ફ.ગુ.ર.નં.૨૦૪/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
9. પશ્ચિમ રેલ્વેપો.સ્ટે.ફ.ગુ.ર.નં.૨૦૯/૨૦૧૭ ઇપીકો કલમ ૩૭૯
10. ગુજરાત યુનિવર્સીટી પોસ્ટે.ફ.ગુ.ર.નં.૧૦૧/૧૭ ઇપીકો કલમ ૩૭૯
11. નવરંગપુરા પોસ્ટે.ફ.ગુ.ર.નં.૧૨૬/૧૭ ઇપીકો ૩૭૯
12. વેજલપુર પોસ્ટે.ફ.ગુ.ર.નં.૧૭૧/૧૭ ઇપીકો કલમ ૩૭૯

તેમજ નીચે મુજબની જગ્યાઓએ ચોરી કરેલ બાઇકો બાબતે હાલમાં તપાસ ચાલું છે

1. ઉસ્માનપુરા દરગાહ પાસેથી એક એક્ટીવાની ચોરી કરેલ
2. ઉસ્માનપુરા દરગાહની પાછળના ભાગે બગીચા પાસેથી એક પેશન બાઇક
3. રૂપમ સિનેમા એ.એમ.ટી.એસ. બસ સ્ટેન્ડની બાજુમાંથી એક સી.બી.ઝેડ મો.સા. ની ચોરી કરેલ.

આ કામે પકડાયેલ આરોપી સહેજાદખાન મુનીરખાન પઠાણનો ગુનાહીત ઇતિહાસની તપાસ કરતાં અગાઉ કલોલ, પાલડી, કાગડાપીઠ તેમજ કાલુપુર ખાતે ઘરફોડ ચોરીઓ કરેલ છે જેમાં કાગડાપીઠ તેમજ કાલુપુર પોલીસ સ્ટેશનમાં ઘરફોડ ચોરીના કામે પકડાયેલછે અને હાલમાં પોતે પોતાની પત્ની નાઓની સાથે ઉપરોક્ત સરનામે રહે છે. જેથી ત્રણેય આરોપીઓને આજરોજ તા.૨૬/૦૮/૨૦૧૭ ના રોજ સીઆરપીસી કલમ ૪૧(૧)ડી મુજબ પકડી અટક કરી એલીસબ્રીજ પોલીસ સ્ટેશન તરફ મોકલી આપવા તજવીજ હાથ ધરેલ છે.

નાયબ પોલીસ કમિશનર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.